
## જન્મદિને વધામણી



નિશિત વ્યાસ
જનરલ સેક્રેટરી
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટી
મો. ૯૮૨૪૦ ૩૧૯૯૯



વિનોદ સુંદેશા
રિપોર્ટર, બી કે ન્યૂઝ ચેનલ
મો. ૯૮૯૮૩ ૧૨૦૭૫



આરોહી પટેલ
મો. ૯૯૨૫૨ ૭૯૫૫૫



વિશ્વા બી બિહોલા



કિરવ મધુસૂદન મકવાણા
મો. ૯૪૨૭૩ ૧૧૪૦૪



સહજ અમીતકુમાર પટેલ



દિવ્યાબેન મહેશભાઈ રાવળ
મો. ૯૯૦૪૩ ૪૫૬૧૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### દિલ્હી પબ્લિક સ્કૂલ ખાતે

# આજથી પાંચ દિવસીય સ્પોર્ટ્સ કાર્નિવલ

## ૧૯મીએ ક્રિકેટર મુનાફ પટેલ, પ્રો કબડ્ડી પ્લેયર સંદીપ નરવાલ, અમીત હૂડા, ૨૦મીએ ક્રિકેટર સલિલ યાદવ, ૨૧મીએ ક્રિકેટર મોહસિન પરમાર અને ૨૨મીએ ક્રિકેટર રોહિત દહિયા અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૧૮
દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા ૧૯ થી ૨૩ ડિસેમ્બર સુધી સ્પોર્ટ્સ કાર્નિવલનો આરંભ કરવામાં આવી રહ્યો છે.

આ પાંચ દિવસના કાર્નિવલ દરમિયાન સ્કૂલમાં વિવિધ રમતોની સાથે ફન ઝોનનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત બંજી જંપિંગ, બલૂન શૂટીંગ, રૉકેટ પૅરાશૂટ, નેઈલ આર્ટ, વૉલ ક્લાઈમ્બિંગ જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવશે.

આ સ્પોર્ટ્સ કાર્નિવલની વિશેષતા એ છે કે તેમાં માત્ર સ્કૂલના વિદ્યાર્થીઓ જ નહીં, પરંતુ આસપાસના ગ્રામવિસ્તારનાં આર્થિક પછાત ભૂલકાઓ ઉપરાંત 'સારાંશ ફાઉન્ડેશન'ના ઓટીસ્ટીક વ્યક્તિઓ પણ ભાગ લેવાના છે તથા સ્કૂલના વિદ્યાર્થીઓના માતા-પિતા માટે પણ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્પોર્ટ્સ ફિએસ્ટાનું ઉદ્ઘાટન ૧૯મી ડિસેમ્બરે સવારે ૧૦.૩૦ કલાકે રાજ્યના રમતગમત વિભાગના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના હસ્તે કરવામાં આવશે. આ ફિએસ્ટાનું મુખ્ય આકર્ષણ એ છે કે પાંચેય દિવસ દરમિયાન રમત જગતની વિભિન્ન હસ્તીઓને અતિથિ તરીકે બોલાવવામાં આવશે. ૧૯મીએ ક્રિકેટર મુનાફ પટેલ, પ્રો કબડ્ડી પ્લેયર સંદીપ નરવાલ, અમીત હૂડા, ૨૦મીએ ક્રિકેટર સલિલ યાદવ, ૨૧મીએ ક્રિકેટર મોહસિન પરમાર અને ૨૨મીએ ક્રિકેટર રોહિત દહિયા અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.



ભારત વિકાસ પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા આયોજિત 'ભારત કો જાનો પ્રશ્ન મંચ' કાર્યક્રમમાં લેકાવાડાની ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના બે વિદ્યાર્થી-મયંક કનુભાઈ પટેલ અને દેવમ પરેશકુમાર પટેલે ભાગ લીધો હતો. બંને વિદ્યાર્થીઓને પરિષદ દ્વારા પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

કાકા છાપું વાંચી રહ્યા હતા,
સમાચાર વાંચ્યા -
બરોડામાં કમળાએ
૩૦નો ભોગ લીધો.
કાકા બબડ્યા,
'બહુ ભયાનક બાઈ કહેવાય !'

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બેફિકરે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કહાની-૨
૧.૦૦, ૭.૦૦
ડિયર જિંદગી
૪.૦૦
ધ્રુવા (તેલુગુ)
૯.૩૦

**સ્ક્રીન-૫**
બેફિકરે
સવારે ૧૦.૦૦
વજહ તુમ હો
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

# સ્વામી યોગાનંદ હાઈસ્કૂલ ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ




ગાંધીનગર, તા. ૧૮
આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન નિમિત્તે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર અને સ્વામી યોગાનંદ હાઈસ્કૂલ, જીઈબી કૉલોનીના સંયુક્ત ઉપક્રમે લાંચ-રુશ્વત વિરોધી અભિયાન અંતર્ગત કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં મુખ્ય મહેમાન તરીકે થર્મલ પાવર સ્ટેશન, ગાંધીનગરના ચીફ ઍન્જિનીયર ઍસ ઍમ ગામીત, અતિથિપદે ટીપીઍસના સુપ્રિટેન્ડન્ટ ઍન્જિનીયર ડી ઍન પૉલ તથા શાળાના પ્રિન્સિપાલ ગોવિંદભાઈ નિશિત ઉપસ્થિત રહ્યા હતા. શાળાના ૨૬૦ વિદ્યાર્થીઓને પૅરા લિગલ વૉલન્ટીયર સુધીરભાઈ દેસાઈએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ અંગે વિસ્તૃત સમજ આપી હતી. પીઍલવી રાજુભાઈ ગજ્જરે કાનૂની સેવા સત્તામંડળ વિશે માહિતી આપી હતી. નટવરભાઈ પટેલની આ પ્રસંગે પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. ચીફ ઍન્જિનીયર ઍસ ઍમ ગામીત અને પ્રિન્સિપાલ ગોવિંદભાઈએ વિદ્યાર્થીઓને ભ્રષ્ટાચાર નિર્મૂલન માટે જાગૃત થવા આહ્‌વાન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન જે વી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા

# તપોવન કેન્દ્રના સંયોજકોનો પ્રશિક્ષણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૮
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં 'તપોવન સંશોધન કેન્દ્ર' કાર્યરત છે. જેના માધ્યમથી ગર્ભપ્રશિક્ષણનું કાર્ય થઈ રહ્યું છે. આ કેન્દ્રોમાં કાર્યરત સંયોજકોનો ત્રિદિવસીય પ્રશિક્ષણ કાર્યક્રમ ૧૫થી ૧૭ ડિસેમ્બર દરમિયાન યોજવામાં આવ્યો હતો.

ઉદ્‌ઘાટન સત્રમાં મહાનિયામક દિવ્યાંશુભાઈ દવેએ પોતાના પ્રેરણાત્મક સંબોધનમાં સંયોજકોને તેમના દાયિત્વથી વાકેફ કરાવ્યા હતા. આ પ્રશિક્ષણ કાર્યક્રમમાં ગર્ભસંસ્કાર, આધ્યાત્મિક વિજ્ઞાન, માતૃત્ત્વ-પિતૃત્ત્વ એક આધ્યાત્મિક જવાબદારી, યોગ, શિશુ સંગોપન, શિશુનો ભાષાકીય વિકાસ, સ્વઓળખ, ઉત્સવોની આધારશિલા, રંગોનું વિજ્ઞાન, સંસ્કૃત ગાન અને ઈન્દ્રિય વિકાસના ક્રિયાકલાપો જેવા વિષયોનું સઘન પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. ઉપરાંત આહાર સભાનતા, વિસ્તરણ સેવા અને ચરિત્ર નિર્માણમાં માતાની ભૂમિકા જેવા વિષયો માટે તજ્જ્ઞોને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

આ પ્રશિક્ષણ કાર્યક્રમ માટે ડૉ. આવાબેન સુક્લ, જેનાબેન જોષી, ઉત્કર્ષભાઈ, સરોજબેન ઠુમરનો સહયોગ તથા ફૂડ અને ડ્રગ્સ નિયમન તંત્રના ઍસ એ ઓડ અને ઍમ ઍમ છત્રાલની સેવાઓ પ્રાપ્ત થઈ હતી.

કાર્યક્રમના સમાપન સમારોહના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે ઍસ લિખિયાએ ઉપસ્થિત રહીને આશીર્વચન આપ્યા હતા. તેમણે ઉત્કૃષ્ટ સંતતિની પ્રાપ્તિ માટે માતાપિતાએ સભાનતાપૂર્વક તપસ્યા કરવાની આવશ્યકતા છે એમ જણાવ્યું હતું.

કુલસચિવ કમલામની રાવે પ્રશિક્ષણ કાર્યને પીઠબળ પૂરું પાડ્યું હતું. પ્રશિક્ષણ કાર્યક્રમના સંયોજક તરીકેની જવાબદારી આસી. પ્રૉફેસર ડૉ. નિલેષ પંડ્યાએ નિભાવી હતી.

### ગજાનન સેવા સમિતિ દ્વારા

# જરૂરિયાતમંદ બાળકોને સ્વેટરનું વિતરણ





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારના વિસ્તારમાં કાર્યરત માવજીપુરા, મહેરુ, વસઈ, ભવાનપુર શાળાનાં ૧૭૫ બાળકોને સ્વેટર ભેટ ધરવામાં આવ્યાં હતાં.

સંસ્થા દ્વારા સવારે ૧૧ શાળાઓને સુવર્ણપ્રાશન માટે પણ આવરી લેવામાં આવી હતી. અણસોલ, જાભચિતરીયા, રંગપુર, ઈશ્વરપુરા શાળાનાં બાળકોને પુષ્યનક્ષત્ર નિમિત્તે સુવર્ણપ્રાશન કરાવવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સંસ્થા તરફથી આયોજિત કરવામાં આવેલો સુવર્ણપ્રાશનનો આ બીજો તબક્કો હતો. ઉપરાંત બે સ્કૂલનાં બાળકોને નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો. સંસ્થા વતી આ સેવાકાર્યમાં જિજ્ઞેશ ઠક્કર, મોન્ટુ, ગામેતી તથા કમલેશભાઈએ પોતાની સેવાઓ આપી હતી.

# કાવ્યમુદ્રા દ્વારા કાવ્ય-ગઝલ મહોત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૧૮
કાવ્યમુદ્રા દ્વારા અમૃત મોદી સ્કૂલ ઑફ મૅનેજમૅન્ટ, અમદાવાદ ખાતે કાવ્ય-ગઝલ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાવ્યમુદ્રાના મેનેજિંગ ટ્રસ્ટી હર્ષદ બ્રહ્મભટ્ટ, જ્ઞાનપીઠ પુરસ્કૃત રઘુવીર ચૌધરી, સાહિત્યકાર કુમારપાળ દેસાઈ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા, જેમના હસ્તે દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

કવિ સંમેલનમાં ખલીલ ધનતેજવી, ઉદયન ઠક્કર, મનીષ પાઠક 'શ્વેત' ગૌરાંગ ઠાકર, પારૂલ ખખ્ખરે કવિતાનો પાઠ કર્યો હતો.

ઉર્દૂ-કવિ સંમેલનમાં સાદિકનૂર પઠાણ, વિવેક કાણે, ડૉ. વિષ્ણુ સક્સેનાએ કવિતાનો પાઠ કર્યો હતો. કવિ સંમેલનનું સંચાલન ચિરાગ ત્રિપાઠીએ કર્યું હતું.

આ પ્રસંગે કવિતાના ભાવકો અને ચાહકો, યુવા કવિઓ, સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું.

સૌની સામે તું ઉઘાડો થઈ જવાનો
એક દિવસ તું ધુમાડો થઈ જવાનો
- મનીષ પાઠક 'શ્વેત'

બસ બને તો એક દીકરાને મનાવી જોઈએ
એ રીતે ઘરડાંઘરો ખાલી કરાવી જોઈએ
- ગૌરાંગ ઠાકર

લઈ રસાલો રૂપનો, છોકરી મંદિર જાય,
અહા દર્શન થઈ ગયા, બોલ્યા જાદવરાય
- ઉદયન ઠક્કર

ઘર એક પણ બધાના ઓરડા અલગ
ઘરમાં જ આંદામાન-નિકોબાન કેટલા
- ખલીલ ધનતેજવી

સાદિક તેરી ગઝલોં મેં, શાયદ કોઈ રહતા હૈ
- સાદિકનૂર પઠાણ

જમીન જલ રહી હૈ ફિર ભી ચલ રહા હું મૈં
ખિઝા કા વક્ત હૈ ઔર ફૂલ ફલ રહા હું મૈં
હર તરફ આંધિયાં હૈ નફરતોં કી મૈં ફિર ભી
દિયા હું પ્યાર કા હિમ્મત સે જલ રહા હું મૈં
- ડૉ. વિષ્ણુ સક્સેના

# " હિંદીતર ભાષી હિંદી નવલેખક શિબિર" યોજાઈ



ગાંધીનગર, તા. ૧૮
કેન્દ્રીય હિંદી નિદેશાલય (માનવ સંસાધન વિકાસ મંત્રાલય) નવી દિલ્લી દ્વારા હિંદી સાહિત્ય અકાદમી અને અખિલ ભારતીય હિંદી પ્રચાર પરિષદ, ગુજરાતના સંયૂક્ત તત્વાવધાનમાં તા, ૭થી ૧૪ ડિસેમ્બર દરમિયાન શ્રી ગોઢાણિયા મહિલા કૉલેજ, પોરબંદરમાં " હિંદીતર ભાષા હિંદી નવલેખક શિબિર" યોજાઈ ગઈ, જેમાં ભારતના મિઝોરમ, આસામ, મણિપુર, પશ્ચિમ બંગાળ, ઉડિસા, મહારાષ્ટ્ર અને ગુજરાત જેવા વિભિન્ન રાજ્યોમાંથી નવલેખકો ઉપસ્થિત રહ્યા હતા.

આ નવલેખક શિબિરનો ઉદઘાટન સમારોહ શ્રી ગોઢાણિયા મહિલા કૉલેજમાં તા. ૭, ડિસેમ્બરના રોજ સાંજે ૪ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી વિરમભાઈ ગોઢાણિયાના અધ્યક્ષ સ્થાને તથા જાણિતા હાસ્યકલાકાર જગદીશ ત્રિવેદીના અતિથિ સ્થાને યોજાઈ ગયો. કેન્દ્રીય હિંદી નિદેશાલયના શિબિર પ્રભારી અશોકકુમારે નિદેશાલય અને શિબિર વિશે માહિતી આપી હતી. ડૉ. કનૈયાલાલ ભટ્ટે ઉપસ્થિત મહાનુભાવોનો પરિચય આપીને આઠ દિવસીય શિબિરનું આયોજન જણાવ્યું હતું.

આ શિબિરમાં ડૉ. બળવંત જાની, ડૉ. નલિની પુરોહિત, ડૉ. જગદીશ ત્રિવેદી, ડૉ. અનુપમ નાગર, ડૉ. ગિરીશ ત્રિવેદી, ડૉ. મનોજ જોશી, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, ડૉ. એમ.એન.વાઘેલા વગેરએ પોતાના વ્યાખ્યાનો આપ્યા. શિબિરના બીજે દિવસે સ્થાનિક ગુજરાતી હિંદી કવિ સંમેલન યોજાયું જેમાં શ્રી મહેન્દ્ર વાળા, હિરજી સીંચ, રુપલ ભટ, મનસુખ ઠક્કર, વજુભાઈ પુરાણી, સુનિલ ભીમાણી, દેવશી સીંગરખીયા, સ્નેહલ જોશી, જયશ્રી પાંડાવદરા, નીશા તેરૈયા, દિવ્યા કારિયા, હેતલ ગોસ્વામી, શુભમ સમાની વગેરેએ પોતાની રચનાઓ રજુ કરી હતી. તા, ૯ ના રોજ બીજા સત્રમાં હિંદી ભાષાની શ્રેષ્ઠ કૃતિઓનું વાચિકમ યોજાયું હતું. જેમાં હિંદીના જાણીતા સર્જકોની ઉત્તમ રચનાઓનું વાંચન થયું હતું તા, ૧૦,ના રોજ ભારતીયા ભાષાઓની શ્રેષ્ઠ કૃતિઓનું વાચિકમ યોજાયું હતું જેમાં મિઝો, અસમિયા, બંગાળી, મણિપુરી, મરાઠી, ઉડિયા, ગુજરાતી, ઉર્દૂ વગેરે ભાષાઓની ઉત્તમ કૃતિનું વાચન થયું હતું. જે તે ભાષામાં વંચાયા પછી એની ટૂંકમાં હિંદીમાં સમજણ પણ આપવામાં આવી હતી. આરંભે ડૉ. જગદીશ ત્રિવેદીએ અનુવાદ સાહિત્યની વાત કરીને હરિવંશરાય બચ્ચનની "મધુશાલા" અને સ્વામી સહજાનંદની " શિક્ષાપત્રી" ના અનુવાદની વિગતે વાત કરી હતી, ડૉ. બળવંત જાનીએ ગુજરાતમાં રચાતા હિંદી સાહિત્યની ભારતીય અને વૈશ્વિક સાહિત્ય સંદર્ભે વાત કરીને પોતાના વક્તવ્યને રસપ્રદ બનાવ્યું હતું. ડૉ. નલિની પુરોહિતે ભારતમાં અને વિશ્વમાં હિંદીની સ્થિતિની વિગતે વાત કરી હતી. ડૉ. મનોજ જોશીએ કવિતામાં સંગીતની વાત કરીને દિવસના બીજા સત્રમાં ગીત સંગીતનો કાર્યક્રમ આપ્યો હતો. ગોઢાણિયા કૉલેજના પ્રિન્સીપાલ ડૉ. અનુપમ નાગરે રવીન્દ્રનાથ ટાગોરની કવિતાની વૈશ્વિક દષ્ટિકોણથી મૂલવણી કરી હતી. શિબિરના સંચાલક ડૉ. કનૈયાલાલ ભટ્ટે પોતાના ત્રણ વ્યાખ્યાનોમાં કવિતામાં છંદ પ્રયુક્તિની વિગતે ઉદાહરણ સાથે સમજણ આપી હતી, તો વળી હિંદી કહાનીના લક્ષણો અને સર્જન પ્રક્રિયા વિશે વાત કરી હતી તથા એકાંકી નાટકના મૂળભુત અને રંગમંચીય લક્ષણોની વિગતે ચર્ચા કરીને સૌને પ્રસન્ન કર્યા હતા.